
આજીવિક ધર્મ
પુનઃ ઉત્થારક

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

RNI No.: GUJGUJ/2015/65690
વર્ષઃ ૧૧ | અંકઃ ૧૦ | એપ્રિલ-૨૦૨૬
કિંમતઃ ૧૦/-



# જાહેર આમંત્રણ




## ચાલો ૐકારધામ તીર્થની ધન્ય ધરા ઉપર
## ૐકારધામ તીર્થની બારમી સાલગીરી
### નિમિત્તે




# ધજા મહોત્સવ



ૐકારધામ તીર્થની બારમી સાલગીરી નિમિત્તે ધજા મહોત્સવના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આપ સૌ ભક્તજનો આ ધજા મહોત્સવ પ્રસંગમાં ઉપસ્થિત રહો એ માટે આપ સૌને હાર્દિક આમંત્રણ છે.

ૐકારધામ તીર્થની સાલગીરીના દિવસે આપ સૌ ભક્તો માટે આ પ્રસંગમાં ઉપસ્થિત રહેવા માટે ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ, પાલડી, અમદાવાદથી બસોની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

આપ આ પ્રસંગમાં બસ દ્વારા આવવા માંગતા હોય તો આપનું નામ વહેલા તે પહેલાના ધોરણે નોંધાવી દેવા નમ્ર વિનંતી છે.

**શુભ તારીખ**
૧૫-૫-૨૦૨૬, શુક્રવાર
વૈશાખ વદ-૧૩

**નવકારશી (સવારનો નાસ્તો)**
સવારે ૭ થી ૭.૩૦ કલાક સુધી

**ધજા મહોત્સવનો સમય**
સવારે ૮ થી ૧૧ કલાક સુધી

**મહાપ્રસાદ (બપોરનું ભોજન)**
સવારે ૧૧ થી બપોરે ૧૨-૩૦ કલાક સુધી




**શુભ સ્થળ**

## ૐકારધામ તીર્થ,




વિરમગામ-શંખેશ્વર હાઇવે, પાનવા ગામની બાજુમાં, પાનવા, શંખેશ્વર

**સંપર્કસૂત્ર 9376334289**

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

# ૐકાર સંપ્રદાય

માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**

ૐકાર સંપ્રદાયના આર્ષદ્રષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી**
કિંજલભાઈ શાહ

**સહતંત્રી**
મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No.: E/20646/Ahmedabad

**સદ્ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ**
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)



૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯



**મુદ્રક**

પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

એપ્રિલ-૨૦૨૬ | પાના નં: ૨૪
વર્ષ: ૧૧ | અંક: ૧૦
કિંમતરૂ.: ૧૦/-


# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

પરમ પૂજ્ય ગુરુજી દ્વારા દર મહિને અલગ-અલગ શહેરમાં મંત્રથેરાપી દરબારનું નિઃશુલ્ક આયોજન કરવામાં આવે છે. પરમ પૂજ્ય ગુરુજીનો આશય એવો છે કે આ પૃથ્વી પરનો દરેક મનુષ્ય નિરોગી, શાંતિમય અને ઉત્તરોત્તર પ્રગતિ સાથે પોતાનું જીવન મંત્રના માધ્યમથી વ્યતિત કરી શકે. સાથે-સાથે પોતાની ઓરા અને આત્માનો ભવોભવના બંધનમાંથી ઉદ્ધાર કરવા મોક્ષમાર્ગે પ્રગતિ કરવા માટે આ કળિયુગમાં એકમાત્ર સચોટ રસ્તો છે પરમ પૂજ્ય ગુરુજી રચિત મંત્રો, મંત્રશક્તિપાત, ચાલીસાઓ, બાવનીઓ, ગાથાઓ અને સાધનાઓ.

ૐકાર સંપ્રદાયના તંત્રી તરીકે આપના તરફથી મળતા સહયોગ બદલ હું આભાર માનુ છું. પરમ પૂજ્ય ગુરુજી રચિત એક ગઝલ હું અહીં લખી રહ્યો છું.

**'અંજામ'**

**ત્યારે આખ્ખું ગામ બોલશે, જ્યારે તારું કામ બોલશે;**
**છાતીને બ્રહ્માસ્ત્ર ભેદશે, તો રાવણ પણ રામ બોલશે;**
**મૂંગો રહી તું બસ જોયા કર, અંતે તો અંજામ બોલશે;**
**ઊંચું નીચું થશે કાળજું, જ્યારે શત્રુ નામ બોલશે;**
**જંગ જીતીને આવ્યો છે જે, એ ખાલી આરામ બોલશે.**

ૐકાર સંપ્રદાય મેગેઝિનમાં આવતા મંત્રો તેમજ દિવ્ય સાધનાઓ દ્વારા આપ સૌના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે તેવી પ.પૂ. સદ્ગુરુ ૐઋષિના શ્રીચરણોમાં અભ્યર્થના સાથે ૐ નમઃ...

તંત્રી,
કિંજલભાઈ શાહ

|| ૐ નમઃ ||



# નારદ જયંતિ

## નારાયણ ભક્તશ્રી નારદજી જેવી ભક્તિ પ્રાપ્ત કરવા માટે ચમત્કારિક મંત્રસાધના

પુરાણો અનુસાર દર વર્ષે વૈશાખ મહિનાની પૂનમ પછીની તિથિના દિવસે દેવર્ષિ નારદ જયંતિ મનાવવામાં આવે છે. નારદજીને બ્રહ્મદેવના માનસપુત્ર માનવામાં આવે છે. બ્રહ્માજીના કંઠમાંથી તેમની ઉત્પત્તિ થઇ હતી. તેમને બ્રહ્માના સાત માનસપુત્રોમાંથી એક માનવામાં આવે છે. દેવર્ષિ નારદ દેવતાઓના ઋષિ છે, આ જ કારણે તેમને દેવર્ષિ નારદ કહેવામાં આવે છે. એ બ્રહ્મમુહુર્તમાં બધી જીવોની ગતિ જોતાં રહે છે. તેઓ અજર-અમર છે. દેવર્ષિ નારદ ધર્મનાં પ્રચાર તથા લોક કલ્યાણ હેતુ સર્વદા સર્વત્ર વિચરણ કર્યા જ કરે છે.

દેવર્ષિ નારદ શ્રુતિ-સમૃતિ, ઇતિહાસ, પુરાણ, વ્યાકરણ, વેદાંગ, સંગીત, ખગોળ-ભૂગોળ, જ્યોતિષ, યોગ આદિ અનેક શાસ્ત્રોમાં પારંગત છે. દેવર્ષિ નારદ આત્મજ્ઞાની, ત્રિકાલ જ્ઞાની, નૈષ્ઠિક બ્રહ્મચારી, વીણા દ્વારા નિરંતર પ્રભુ ભક્તિના પ્રચારક, ત્રિલોકી પર્યટક, ચારેય પુરૂષાર્થનાં જ્ઞાતા, વિનયશીલ, આનંદરત, પરમયોગી, તપસ્વી તરીકે ઇન્દ્રલોકમાં, વિષ્ણુલોકમાં, બ્રહ્મલોકમાં, રાક્ષસલોકમાં, અવતારલોકમાં તેમજ પૃથ્વીલોક પર સમયાંતરે ભ્રમણ કરતા જ રહે છે. સરળ ભાષામાં કહીએ તો સતત એક સ્થળેથી બીજા સ્થળે મુસાફરી કરી અને અલગ અલગ લોકની વાત પોતાની જ્ઞાનચક્ષુથી અને જ્ઞાન શક્તિથી એક સ્થળેથી બીજા સ્થળે પહોંચાડે છે.

કહેવાય છે કે કઠીન તપસ્યા પછી જ નારદજીને બ્રહ્મર્ષિ પદ પ્રાપ્ત થયું હતું. નારદજી ખૂબ જ જ્ઞાની છે, આ જ કારણે એ દૈત્ય હોય કે દેવી દેવતાઓ હોય એ બધાં જ વર્ગોમાં બેહદ આદર અને સત્કારને પાત્ર છે. પુરાણોમાં એવું લખવામાં આવ્યું છે કે રાજા પ્રજાપતિ દક્ષે નારદજીને શ્રાપ આપ્યો હતો કે એ બે મિનિટથી વધારે એક જગ્યાએ ક્યાંય રોકાઇ નહીં શકે!!! આ જ કારણ છે કે નારદજી વારંવાર યાત્રા કરતા રહે છે. કહેવાય છે કે ભગવાન રામ અને માતા સીતાના વિયોગનું કારણ નારદમુનિએ આપેલો શ્રાપ પણ કારણભૂત છે.

દેવર્ષિ નારદ વ્યાસ, વાલ્મિકી તથા મહાજ્ઞાની શુકદેવ આદિના ગુરુ હતાં. દેવર્ષિ નારદનાં અગણિત મહાન કાર્યો છે. જેવા કે ઇન્દ્રદેવને સમજાવીને ઉર્વશીનો પુરૂરવા સાથે પરિણય સૂત્ર કરાવ્યું,

કંસને આકાશવાણીનો અર્થ સમજાવ્યો, વાલ્મિકીજીને રામાયણ લખવાની પ્રેરણા આપી, વ્યાસજી પાસે ભાગવતની રચના કરાવી, ભૃગુ કન્યા લક્ષ્મીનો વિવાહ ભગવાન વિષ્ણુ સાથે કરાવ્યો, પ્રહલાદ અને ધ્રુવને ઉપદેશ આપીને મહાન ભક્ત બનાવ્યા, ઇન્દ્ર-ચંદ્ર-વિષ્ણુ-શંકર-યુધિષ્ઠિર-રામ-કૃષ્ણ આદિને ઉપદેશ આપીને કર્તાવ્યાભિમુખ કર્યા આવા કંઇક કેટલાય મહાન કાર્યો દેવર્ષિ નારદે કરેલાં છે. એમનું જીવન મંગલ માટે જ છે!!!

આ સાધના કરવાથી શું ફાયદા થાય? એના ફાયદા નીચે પ્રમાણે છે.

(૧) દેવર્ષિ નારદ જ્ઞાની છે.

(૨) એમની સાધના જે માતા-પિતા અથવા સંતાન કરે તો એમનું જ્ઞાનબળ અને સંતાનોનું વિદ્યાબળ ખૂબજ પ્રબળ બનશે.

(3) વાત કરવાની ચાતુર્યતા આ સાધના કરવાથી આપને પ્રાપ્ત થશે કારણકે દેવર્ષિ નારદમુનિમાં વાતચાતુર્ય ખૂબ જ છે.

(૪) દેવર્ષિ નારદ બ્રહ્માંડના પ્રથમ સંગીતજ્ઞ છે, માટે એમની સાધના કરનાર સંગીતમાં રૂચિ દાખવનાર વ્યક્તિના સૂર, લય અને તાલ સમૃદ્ધ બને.

(૫) જે ભક્તો પોતાની ભક્તિની ક્ષમતા વધારવા ઇચ્છતા હોય એ ભક્તજનોની ભક્તિ ચાહે એ ધાર્મિક હોય કે આધ્યાત્મિક એ ખૂબ જ પ્રબળ બને, કારણકે દેવર્ષિ નારદ આઠે પ્રહર ભગવાન શ્રી હરિનાં જાપ કરવામાં અને શ્વાસે-શ્વાસે નારાયણ નારાયણ નું રટણ કરવામાં મગ્ન રહે છે.

(૬) દેવર્ષિ નારદ સતત ભ્રમણ કરતા રહે છે માટે જે લોકો પોતાના કાર્ય માટે જેને દુરમાં જવું પડતું હોય છે એવા ભક્તજનોની દુર પોતાના કાર્ય માટે સફળ થાય એવું આ સાધનાથી અચૂક બનશે.

(૭) ગર્ભવતી મહિલાઓ અને જેના સંતાનનો જન્મ થયે ૧૨ મહિના પણ ના થયા હોય એવી દરેક માતાઓએ આ સાધના અચૂક કરવી જોઇએ જેથી એમનું સંતાન જ્ઞાની અને બુદ્ધિશાળી બને.

**દેવર્ષિ નારદની સાધના ઉપરના મુદ્દા જેને લાગુ પડતા હોય એ દરેક વ્યક્તિ કરી શકે છે.છે.**

**દિવ્યમંત્ર : ॥ ૐ નારાયણ નારાયણ ત્રતા નમઃ ॥**

**ઉપર આપેલ મંત્ર ૬ મહિનામાં ૨૭૦૦૦ વખત કરીને સિદ્ધ કરવો.**

॥ ૐ નમઃ ॥




# આજના કળિયુગમાં સ્ત્રીએ શક્તિમાન અને સમૃદ્ધ બનવા તેમજ તેની મનોકામના પૂર્ણ થાય તે માટે વટસાવિત્રી વ્રત-મંત્રસાધના

વટસાવિત્રી વ્રત હિન્દુ પરંપરા અનુસાર હિન્દુ સ્ત્રીઓ પોતાના પતિની લાંબી ઉંમર માટે તેમજ સંતાનની પ્રાપ્તિ માટે ખૂબ જ આસ્થા અને શ્રદ્ધાથી આ વ્રત કરે છે. ભારતની આધ્યાત્મિક સંસ્કૃતિમાં આ વ્રત આદર્શ નારીના પ્રતિક સમાન સાબિત થઈ ચૂક્યું છે. આ વ્રતની તિથિને લઈને અલગ અલગ મત છે.

સ્કંદપુરાણ અને ભવિષ્યોત્તર પુરાણના પ્રમાણે જેઠ માસની પૂર્ણિમાના દિવસે આ વ્રત કરવાનું વિધાન છે.જ્યારે નિર્ણયામૃત વગેરે અનુસાર જેઠ માસની અમાસના દિવસે આ વ્રત કરવાનું કહેવામાં આવે છે. તિથિઓમાં ભલે ભિન્નતા ચોક્કસ છે પરંતુ આ વ્રતનું લક્ષ્ય એક જ છે, પોતાના પતિના સૌભાગ્યની વૃત્તિ અને પતિવ્રત ધર્મનું અને સંસ્કારોનું પાલન આ વ્રત કરીને સ્ત્રીઓ કરે છે.

ભગવાન વિષ્ણુના ઉપાસકો આ વ્રતને પૂનમના દિવસે કરવાનું વધારે હિતકર માને છે. વટસાવિત્રી વ્રતમાં 'વટ' અને 'સાવિત્રી' બંન્નેનું મહત્ત્વ ખૂબ માનવામાં આવ્યું છે. વટ એટલેકે વડનાં ઝાડનું મહત્ત્વ વિશેષ બતાવવામાં આવ્યું છે.પુરાણોમાં આ વાત સ્પષ્ટ છે કે વટના વૃક્ષમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્રણેયનો વાસ છે. વટવૃક્ષની નીચે બેસીને પૂજન, વ્રતકથા સાંભળવાથી મનોકામના પૂર્ણ થાય છે.

દાર્શનિક દૃષ્ટિએ જો એની સમીક્ષા કરીએ તો વટવૃક્ષ લાંબી ઉંમર અને અમરત્ત્વનાં ઉપદેશના પ્રતિક સમાન છે. વટવૃક્ષને જ્ઞાન અને નિર્માણનું પ્રતિક પણ કહેવામાં આવે છે કારણકે ભગવાન બુદ્ધને આ વૃક્ષની નીચે જ્ઞાન પ્રાપ્ત થયું હતું.



|| ૐ નમઃ ||

વટવૃક્ષનું પૂજન અને સાવિત્રી સત્યવાનની કથાનું સ્મરણનાં કારણે આ વ્રત વટસાવિત્રીના નામે પ્રસિદ્ધ થયું. સાવિત્રીને ભારતીય સંસ્કૃતિમાં એક ઐતિહાસિક કીરદાર માનવામાં આવે છે. સાવિત્રીનો જન્મ વિશિષ્ટ પરિસ્થિતિઓમાં થયો હતો. ઘટના એવી છે કે ભદ્ર દેશનાં રાજા અશ્વપતિને કોઇ સંતાન ન હતું. રાજાએ સંતાન પ્રાપ્તિ માટે મંત્રોચ્ચારની સાથે સાથે મહાયજ્ઞ કરી રોજની એક લાખ આહુતિ યજ્ઞમાં આપતા હતા. અઢાર વર્ષ સુધી આ ક્રમ ચાલુ રહ્યો ત્યારબાદ સાવિત્રીદેવીએ પ્રગટ થઇને રાજાને વરદાન આપ્યું અને કહ્યું કે રાજા તારા મહાયજ્ઞની ભક્તિથી હું ખૂબ ખુશ છું. તારા નસીબમાં સંતાન ન હતું પરંતુ મહાયજ્ઞમાં આપેલી તારી મનોકામનાની આહુતિથી જે પુણ્ય તને પ્રાપ્ત થયું છે તેના બદલે હું તને એક તેજસ્વી કન્યાનું વરદાન આપું છું.

દેવી સાવિત્રીની કૃપાથી જે દીકરીએ રાજાને ત્યાં જન્મ લીધો એ દીકરીનું નામ સાવિત્રી રાખવામાં આવ્યું. સાવિત્રી મોટી થઇ ત્યારે ખૂબ જ સ્વરૂપવાન હતી અને એના જેવો યોગ્ય વર સાવિત્રીને મળતો ન હતો માટે તેના પિતા રાજા અશ્વપતિ ખૂબ જ દુ:ખી હતા. રાજાએ સ્વયં પુત્રી સાવિત્રીને પોતાના વરની શોધ માટે મોકલી. સાવિત્રી પોતાના વરની શોધમાં તપોવનમાં ભટકવા લાગી. ત્યાં તેને સાલ્વદેશનાં રાજા દ્યુમત્સેન મળ્યા કારણકે એમનું રાજ્ય દુશ્મનોએ પચાવી લીધું હતું. આ રાજાના પુત્ર સત્યવાનને જોઇને જ સાવિત્રીએ એમને પતિનાં રૂપમાં સ્વીકાર કરી લીધા. સાલ્વદેશ માટે એવું કહેવાય છે કે આ દેશ રાજસ્થાનનાં પૂર્વ ભાગમાં હતો. સત્યવાનનું આયુષ્ય અલ્પ હતું. સત્યવાન પોતે વેદનાં જ્ઞાતા હતા. સ્વયં નારદમુનિએ સાવિત્રીને મળીને સત્યવાન સાથે વિવાહ ન કરવાની સલાહ આપી હતી. પરંતુ સાવિત્રી સત્યવાનને પોતાના પતિ તરીકે મનોમન સ્વીકારી ચૂકી હતી.

પતિની મૃત્યુ તિથિ નજીક આવતી હતી ત્યારે સ્વયં જ્ઞાની નારદમુનિએ સાવિત્રીને એક દિવ્ય સાધના કરવાની સલાહ આપી. નારદમુનિ દ્વારા આપેલ દિવ્ય સાધના સાવિત્રીએ કરી અને યમરાજ પાસેથી પોતાના પતિ સત્યવાનનાં પ્રાણ પાછા લેતી આવી. આજના કળિયુગનાં સમય પ્રમાણે જ્યારે સ્ત્રી દરેક ઘરમાં આજે પોતાનું કાર્ય ઘર અને બહાર બંન્ને જગ્યાએ કરી નારી શક્તિનું જે પ્રબળ ઉદાહરણ સમાજને આપે છે એ દરેક સ્ત્રીઓ માટે પોતાની શક્તિ અને સામર્થ્યને ઉજાગર કરી પોતાની શક્તિનો વધુ ઉપયોગ કરી શકે તે માટે વટસાવિત્રીનું વ્રત દસ દિવસનું કરવા માટે આપુ છું.

★ સૌપ્રથમ એક બાજઠ લઇ એના પર લીલા કલરનું વસ્ત્ર પાથરવું. ત્યારબાર નીચે આપેલા ચક્રને કટીંગ કરી લેમીનેશન કરાવી સ્થાપનમાં મુકવું. ત્યારબાદ બે ચપટી કંકુ મુકવું, લાલ દોરાનો ટુકડો મુકવો અને ચોખાના નવ દાણા મુકવા.

★ ત્યારબાદ સાધના કરતી વખતે તેલનો દીવો કરવો.

## ૐ શ્રી વટસાવિત્રી આયુષ્ય રક્ષા ચક્ર

| | | |
|---|---|---|
| ॥ ૐ सावित्रीः ॥ | ॥ ૐ व्रतातीः ॥ | ॥ ૐ त्रिवातीः ॥ |
| ॥ ૐ धर्ममः ॥ | ॥ ૐ यंत्रमः ॥ | ॥ ૐ शत्रीताः ॥ |
| ॥ ૐ त्रतावीतमः ॥ | ॥ ૐ शत्रमः ॥ | ॥ ૐ कवत्यः ॥ |

સાધના કરતી વખતે નીચે આપેલો મંત્ર ૧૮ (અઢાર) વખત કરી ૐઋષિ રચિત શ્રી નવદુર્ગા ચાલીસાનો પાઠ એકવાર કરવો.

**મંત્ર : ॥ ૐ આયુષ્યસિદ્ધા રક્ષાત્ય નમઃ ॥**

| | | |
|---|---|---|
| સ્થાપન કરવાનો સમય | : | વટસાવિત્રી વ્રતના દિવસે સવારે ૭ થી ૧૦ માં સ્થાપન કરવું. |
| સાધના કરવાનો સમય | : | આખા દિવસમાં કોઈપણ સમયે કરી શકાય. |
| વસ્ત્ર કયા પહેરવા? | : | સાધના કરતી વખતે કોઈપણ કલરના વસ્ત્ર પહેરી શકાય. |
| વિસર્જન કરવાની રીત | : | ૧૦ દિવસની સાધના પૂર્ણ થયા બાદ સ્થાપનમાં મુકેલ દરેક વસ્તુનું નદીમાં વિસર્જન કરી દેવું. |

**ખાસ નોંધ :**

(૧) આ સાધના આજના આ યુગમાં દરેક સ્ત્રી / જે યોગ્ય જીવનસાથી ઈચ્છતા હોય તે / ભણતી વિદ્યાર્થીનીઓ આ વ્રત કરી શકે છે. આ વ્રતસાધના દરેક સ્ત્રી અને છોકરીઓના જીવનમાં ખૂબ જ ઉત્તમ પરિણામ આપશે.

(૨) ઘરની દરેક સ્ત્રી તેમજ કુંવારિકાઓ જે કોઈપણ ધર્મ પાડતું હોય તે દરેક સ્ત્રી આ વ્રત કરી શકે છે.

★ ★ ★

# શનિ જયંતી



## ભગવાન શનિદેવની કૃપા પ્રાપ્ત કરવા માટે શનિ જયંતીના પાવન દિવસથી કરવાની મંત્રસાધના

શનિ જયંતીના પાવન દિવસથી ભગવાન શનિદેવની કૃપા અને આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે આજે હું આપને ૮૧ દિવસની મંત્રસાધના આપી રહ્યો છું.

સૌપ્રથમ લાકડાનો એક બાજઠ અથવા પાટલો લેવો. એના ઉપર કાળા કલરનું વસ્ત્ર પાથરવું. ત્યારબાદ એ વસ્ત્ર ઉપર એક મુઠ્ઠી કાળા અળદની ઢગલી, લોખંડની બે ખીલી અને ૧રૂપિયાનો સિક્કો સ્થાપનમાં મુકવી. તે પછી નીચે આપેલ ૐ શ્રી શનિદેવ સાડાસાતી રક્ષા ચક્રનું કટીંગ કરી એનું લેમીનેશન કરાવી સ્થાપનમાં મુકવું. હવે નીચે આપેલ મંત્રની એક માળા સ્થાપનની સામે બેસીને કરવી અને આપની મનોકામનાનો સંકલ્પ કરી ૐઋષિ રચિત ૐકાર ચાલીસા અને સર્વ દુ:ખભંજન દસ મહાવિદ્યા ચાલીસાનો પાઠ એકવાર કરવો.

**મંત્ર : ॥ ૐ શનિત્ય રક્ષત્ય રક્ષત્ય ત્રતા નમઃ ॥**

**સાધના કેટલા દિવસ કરવી? :** આ સાધના શનિ જયંતીના દિવસથી શરૂ કરીને કુલ ૮૧ દિવસ કરવી. વચ્ચે કોઇ કારણસર દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૮૧ દવસ ગણીને આ સાધના પરિપૂર્ણ કરવી.

**સાધના કરવાનો સમય :** આખા દિવસમાં ગમે તે સમયે કરી શકાય.

**સ્થાપન કરવાનો સમય :** શનિ જયંતીના દિવસે સવારે ૭ થી ૧૦ વાગ્યા સુધીમાં સ્થાપન કરવું.

**કયા કલરનું વસ્ત્ર પહેરવું? :** કોઇપણ કલરનું વસ્ત્ર પહેરીને આ સાધના કરી શકાય. સાધના કરતી વખતે ખભા ઉપર કાળા કલરનો ખેસ રાખવો.

॥ ૐ નમઃ ॥

**ઉત્થાપન કરવાનો સમય** : સાધના પરિપૂર્ણ થાય એના પછીના દિવસે ઉત્થાપન કરવું. સાધના પૂર્ણ થયા બાદ સ્થાપનમાં મુકેલ ૫ રૂપિયાનો સિક્કો તિજોરીમાં કે કબાટમાં કે પાકીટમાં મુકી દેવો અને બીજી બધી વસ્તુઓ ચક્ર સાથે નદીમાં વિસર્જન કરી દેવી.

**એક જ સ્થાપન ઉપર ઘરના અન્ય સભ્યો પણ આ સાધના કરી શકે છે.**

**આ વખતે શનિ જયંતી તારીખ : ૧૬-૦૫-૨૦૨૬, શનિવારના રોજ છે.**

ॐकार संप्रदाय®
(धार्मिक आध्यात्मिक पथ)



ॐकार संप्रदाय®
(धार्मिक आध्यात्मिक पथ)

## ૐ શ્રી શનિદેવ સાડાસાતી રક્ષા ચક્ર

| | | |
|---|---|---|
| ॥ ॐ शनिता: ८८॥ | ॥ ॐ रक्षीता: ८०॥ | ॥ ॐ त्रता: ८॥ |
| ॥ ॐ त्रतीता: ८८॥ | ॥ ॐ शनिता: ८०॥ | ॥ ॐ शनिवाम: १७॥ |
| ॥ ॐ त्रतल: ७१॥ | ॥ ॐ कवल: २६॥ | ॥ ॐ त्रता ११६:॥ |



॥ ૐ નમઃ ॥

# મારી સંગીતની સફર

(સંપૂર્ણ સત્ય ઘટના)

મને પહેલેથી જ ભજન, ભક્તિગીતો, ભક્તિ સ્તવનો તેમજ ફિલ્મી ગીતો સાંભળવા અને મનમાં ગણગણવા ખૂબ જ ગમતા રહ્યા છે.

સંગીત એ એક એવી સાધના છે જેમાં એ વ્યક્તિને સફળતા મળે, જેના કંઠ ઉપર સરસ્વતી દેવીની કૃપા વરસી હોય.

આજે આપને હું મારા જીવનની સંગીતયાત્રાની સફરે લઇ જઉં છું. મારી સંગીતયાત્રા કદાચ તમને હસાવે અથવા તો કશુંક નવું કરવાની પ્રેરણા આપશે આ બંન્ને સંજોગોમાં મને મારી ડાયરીના પાનાંઓમાંથી કાઢેલી આ ઘટના લખવાનું કાર્ય યથાર્થ સાબિત થયું એવું લાગશે.

મને સ્કૂલ સમયથી જ કિશોરકુમારે ગાયેલા ગીતો ખૂબ જ ગમતા રહ્યા છે. એની પાછળનું કારણ કિશોરકુમારજી સરસ ગાતા હતાં એટલું જ ન હતું, પરંતુ કિશોરકુમારજીએ સંગીતની કોઇ તાલીમ લીધી ના હોવા છતાં જો આટલું સુંદર ગાઇ શકે છે તો હું પણ સારું ગાઇ શકું એવું મારા મનમાં સતત રહેતું હતું.

વર્ષો સુધી મારી આ ઇચ્છાને મેં મારા મનમાં દબાવીને રાખી હતી, પરંતુ એક દિવસ કુદરતે અનાયસે મને એવી તક આપી કે હું ગાઇ શક્યો એટલું જ નહીં પરંતુ મારું પોતાનું આલ્બમ પણ બહાર પાડી શક્યો. હવે આ તક હતી કે ન હતી એ તો આપ જ નક્કી કરી શકશો.

મેં ૨૦૧૧માં દસ મોટીવેશનલ ગીતો લખ્યા અને મારો વિચાર એવો હતો કે કોઇ સારા ગાયક પાસે આ દસ મોટીવેશનલ ગીતો ગવડાવવા જેથી લોકોને હતાશા અને નિરાશામાંથી બહાર નીકળવા માટે પ્રેરણા મળી શકે.

શ્રી વૈકુંઠભાઇ કરીને એક ખૂબ જ નિકટના વડીલ જે એ વખતે મોઝરબેર કંપનીમાં કામ કરતા હતાં. મેં એમને મારા ગીતો વંચાવ્યા હતાં.

ગીતોના શબ્દો ખૂબ જ સારા હોવાના કારણે એ ખૂબ પ્રસન્ન થયા અને એમણે આ ગીતોનું જો હું આલ્બમ બનાવું તો Moserbaer કંપની એના નામ નીચે આ આલ્બમ પ્રકાશિત કરશે અને ભારતભર એનું માર્કેટીંગ કરી અને એ સી.ડી.નું વેચાણ કરશે. અલબત્ત આલ્બમ બનાવવાનો ખર્ચો કંપની આપશે નહિ.

ગુજરાતી બે-ત્રણ મોટા ગાયકોનો સંપર્ક કર્યો, પરંતુ એ લોકો એ સમયે એમની વ્યસ્તતાના કારણે મારા ગીતો ગાવા માટે બે

મહિના પછીનો સમય આપી રહ્યા હતાં.

ગુજરાતી ગાયકો સાથે વાતચીત ચાલતી હતી એ દરમ્યાન મારા મનમાં એક વિચાર ઝબક્યો હતો કે મારા લખેલા ગીતો હું પોતે જ ગાઉ તો?

મેં મારા આ પ્રશ્નનો જવાબ મારા અંગત સ્નેહી શ્રી દીપકભાઇને પૂછ્યો હતો જે શાસ્ત્રીય સંગીતમાં વિશારદ થયેલા છે અને સંગીતમાં ખૂબ ઊંડું જ્ઞાન ધરાવે છે.

“ગુરુજી, તમે ગીત ગાશો?” આટલું કહીને પહેલા તો તેઓ હસ્યા પછી ગંભીર સ્વરે મને કહ્યું હતું.

“તમારે જો જાતે જ ગીતો ગાવા હોય તો એનો રીયાઝ કરવો પડશે અને સારા મ્યુઝીક શિક્ષક પાસે સંગીતની પ્રાથમિક તાલીમ લઇને પછી જ તમારે ગીતો ગાવા જોઇએ.” એમણે મને આ રીતની સલાહ અને સૂચન આપતા કહ્યું હતું.

મેં શ્રી દીપકભાઇને પૂછ્યું ત્યાં સુધી મારા ગીતો હું પોતે જ ગાઇશ એવું મેં મન બનાવી લીધું હતું. એમની સલાહ મુજબ મેં મ્યુઝીક શિક્ષકની શોધ શરૂ કરી હતી.

મારા આશ્રમની નજીકમાં જ રહેતા સંગીતમાં પારંગત એવા એક બહેને મને સંગીત શીખવાડવાની હા પાડી હતી. પરંતુ પહેલા જ દિવસે એમની હિંમત તૂટી ગઇ હોય એવું મેં અનુભવ્યું હતું, કારણકે સારેગામાપધનીસા, સાનીધપમગરેસા શીખવાની શરૂઆત કરતા જ એના આરોહ-અવરોહ મારાથી બરાબર ગવાઇ રહ્યા ન હતાં. પહેલા દિવસે એક કલાકની સારેગામા ઉપરની મહેનત પૂર્ણ થયા બાદ મેં એમને પૂછ્યું હતું.

“બહેન, ગાવાનું સૂરમાં શીખતા મારે કેટલો સમય લાગશે?” મેં થોડી ઉતાવળથી આ પ્રશ્ન પૂછ્યો હતો.

પહેલા તો એમણે મારી સામે થોડું અચરજભરી નજરે જોયું હતું અને પછી ધીરેથી મને કહ્યું હતું.

“બે વર્ષ જેટલો સમય લાગશે.” બહેનનો આ જવાબ સાંભળી હું નિરાશ થઇ ગયો, કારણકે એક મહિના પછી ગાવા માટે સ્ટુડિયો બુક કરી દીધો હતો અને ગીતોનો ટ્રેક બનાવવા માટે પણ આપી દીધો હતો.

જો હું સંગીતની તાલીમ લેવામાં બે વર્ષ કરું તો પછી Moserbaer કંપની બે વર્ષ પછી મારું આલ્બમ બહાર પાડે કે નહિ એ નક્કી ન હતું અને Moserbaer જેવી કંપનીની આવી મોટી તક અને સાથે મારો ગાવાનો શોખ બંન્ને હું બે વર્ષ સુધી લાંબો ખેંચવા માટે તૈયાર ન હતો.

“આપણે સીધું જ મારા લખેલા ગીતો ગાવાનું શરૂ કરી દઇએ તો કેવું રહે?” બીજા દિવસે મેં બહેનને ખૂબ વિવેકથી પૂછ્યું હતું.

"હા, ચાલે. પરંતુ એ ગીતોને સૂરમાં ગાતા શીખતા પણ આપને એક વર્ષ લાગશે. હું આપના દસ ગીત તમને સૂરમાં લયબદ્ધ રીતે ગાતા કરી દઇશ." બહેને મને શાંતિથી જવાબ આપતા કહ્યું હતું.

" બહેન, એક મહિના પછી મારા સ્વરમાં ગીતોનું રેકોર્ડીંગ રાખવામાં આવ્યું છે અને અત્યારે મારા ગીતો પરથી મ્યુઝીક ટ્રેક બનાવવાનું મ્યુઝીક ડિરેક્ટરે શરૂ કરી દીધું છે." મેં એમને આંચકો ના લાગે એવી રીતે કહ્યું હતું.

"એક મહિનામાં!!! Impossible છે..." બહેને મને ના માં માથું હલાવતા કહ્યું હતું.

"બહેન, મારા આલ્બમનું નામ પણ Nothing is Impossible છે અને ગાવા માટે મહિના પછીનો સ્ટુડિયો પણ બુક થઇ ગયો છે." મેં બહેનને જણાવ્યું હતું.

મારી વાત સાંભળી બહેનને નવાઇ લાગી હતી કારણકે હજી મને સારેગામા તો આવડતું ન હતું અને હું સીધો ગીતો ગાવા તરફ પ્રયાણ કરવાનું કહી રહ્યો હતો.

કદાચ એ વખતે એમણે મનમાં વિચાર્યું હશે કે ગુરુજીને પોતાને જ એવરેસ્ટ ઉપરથી ભુસ્કો મારવો છે તો મારે એમને રોકવા જોઇએ નહિ. માટે જ એમણે મને એક મહિના સુધીમાં દસેદસ ગીતો શક્ય એટલા પાકા કરાવી દીધા હતાં. મારે દસેદસ ગીતો વેસ્ટર્ન મ્યુઝીકમાં ઊંચા સૂરમાં ગાવાના હતાં.

મ્યુઝીક સ્ટુડિયોમાં વારંવાર ટેક-રીટેક થતાં થતાં વીસ દિવસમાં મેં દસ ગીતો ગાઇ લીધા હતાં.

૨૦૧૧માં એ દસ ગીતોના મ્યુઝીક ટ્રેક, કમ્પોઝીશન અને સ્ટુડિયોનું ભાડું રૂપિયા બે લાખ પચાસ હજાર આવ્યું હતું. મારા ગવાયેલા ગીતો ફાઇનલ મીક્સીંગ કરીને મ્યુઝીક ડીરેક્ટરે મને આપ્યા.

"ગુરુજી, હવે આ ગીતોનું શું કરશો?" ફાઇનલ ગીતોની સી.ડી. હાથમાં આપતા મ્યુઝીક ડીરેક્ટરે મને પૂછ્યું હતું.

"Moserbaer કંપની આ ગીતોનું આલ્બમ બહાર પાડશે." આ વાત મેં એમને પહેલીવાર કહી હતી.

"મને નથી લાગતું કે આ ગીતો Moserbaer કંપની આલ્બમ તરીકે બહાર પાડે, કારણકે ગીતોના શબ્દો બહુ સરસ છે, પરંતુ ગાતી વખતે ગીતોમાં ઘણીવાર આપનો સુર બેસુરો પણ થઇ જાય છે." મ્યુઝીક ડિરેક્ટરે ખૂબ નમ્રતાથી મને કહ્યું હતું.

"જોઇએ... હવે આગળ શું થાય છે." આટલું બોલી ફાઇનલ સી.ડી. મેં એમના હાથમાંથી લીધી હતી.

શ્રી વૈકુંઠભાઇની મહેનત રંગ લાવી હતી અને Moserbaer કંપનીએ મારા ગાયેલા અને લખેલા ગીતોનું આલ્બમ બહાર પાડ્યું હતું. આલ્બમનું નામ “Nohting is Impossible” છે.

એક વર્ષમાં Moserbaer કંપનીએ વીસ હજાર સી.ડી. “Nohting is Impossible” આલ્બમની વેચી હતી અને પાંચ હજાર કોપી મેં વેચી હતી. સરવાળે મારું ગીત ગાવાનું સ્વપ્ન Moserbaer જેવા મોટા પ્લેટફોર્મના માધ્યમથી શરૂ થયું.

ગાવાનું મારું સૂરમાં જરાય ન હોવા છતાંય મેં મારું આલ્બમ બહાર પાડવાની હિંમત કરી અને મારા કરતા પણ વધુ હિંમત Moserbaer કંપનીએ બતાવી અને મારી ગાયેલી આટલી બધી સી.ડી.ઓ વેચી એ પણ એક ચમત્કાર જ કહી શકાય.

હું મારા જીવનની આ ઘટનાના માધ્યમથી એ કહેવા માંગુ છું કે તમે જો સકારાત્મક રીતે વિચારો અને તમારા વિચારને વાસ્તવિક જીવનમાં લાવવાની તૈયારી, તત્પરતા અને લોકો શું વિચારશે એવું વિચાર્યા વગર કાર્ય કરવાની હિંમત હોય તો સફળતા તમને અચૂક મળે છે.

શ્રી વૈકુંઠભાઇ સાથે મળીને એના બે વર્ષ બાદ ભારતભરમાં જેટલી ચાલીસાઓ લખાઇ છે એ ચાલીસાઓ એકત્રિત કરી જે અલગ-અલગ ગાયકોએ ગાઇ છે જેમાં સ્વર્ગીય લતા મંગેશકરથી લઇને સુરેશ વાડકર સુધીના મોટા સીંગરો સામેલ છે એનું પણ એક આલ્બમ બનાવ્યું હતું, જે T-series કંપનીએ પોતે જ બહાર પાડ્યું હતું. એ આલ્બમમાં T-series કંપનીએ મારો વોઇસઓવર અને મારી લખેલી ઓમકાર ચાલીસા જે ગાયક હસમુખ પાટડીયાએ ગાઇ છે તેમજ મારી લખેલી ઓમકાર આરતીને પણ ચાલીસાના એ આલ્બમમાં સ્થાન આપ્યું છે.

હું હંમેશા કહેતો રહ્યો છું અને આજે પણ કહી રહ્યો છું કે તમારી અંદર રહેલી આવડતને લોકો શું કહેશે અથવા તો તમારા માટે શું વિચારશે એવું વિચારવાનું છોડીને એ આવડતને બહાર લાવવાનો પ્રયત્ન અચૂક કરો. પછી એ તમારી અંદરની કળા સફળ થાય છે કે નિષ્ફળ થાય છે એ નિયતિ અને ઈશ્વર પર છોડી દો.

મારી સંગીતની સફર આ રીતે શરૂ થઇ. આગળ ભવિષ્યમાં સંગીતમાં કંઇક નવું ખેડાણ કરી શકું એવી ઇચ્છા ચોક્કસ હજી મનમાં છે.

લિ.
ૐગુરુ

# આજીવિક ધર્મના પુનઃઉત્થારક
## જગતગુરુ મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
## પ. પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી "ૐગુરુ"ની પાવન નિશ્રામાં
## રાજકોટમાં યોજાયેલ
# નિઃશુલ્ક મંત્રથેરાપી દરબાર

આ કાર્યક્રમ રાજકોટમાં તા.૧૫-૩-૨૦૨૬, રવિવારના રોજ યોજવામાં આવેલ. ૐગુરુ દ્વારા કરાવવામાં આવતી મંત્રથેરાપી દ્વારા તકલીફો પીડાઓ દૂર થઇ મનુષ્ય પોતાનું જીવન નોર્મલ અવસ્થામાં જીવી શકે એ હેતુથી આ દરબાર યોજવામાં આવેલ. આર્થિક-શારીરિક-માનસિક-સામાજિક-સંતાનને લગતી સમસ્યા આવા અલગ-અલગ પ્રશ્નોના સમાધાન મંત્રથેરાપીથી દૂર થાય એ માટે પરમ પૂજ્ય ગુરુજીના સાનિધ્યમાં હજારો ભક્તોએ લાભ લીધેલ. ૐગુરુના મંત્ર-મંત્રશક્તિપાત-સિદ્ધ વસ્તુઓ-ચાલીસાના સમન્વય સાથે પ્રશ્નોનું સમાધાન આપી ૐગુરુએ લોકકલ્યાણનું અનોખું અને નોંધપાત્ર કાર્ય કર્યું જેનો હોલમાં હાજર દરેક લોકોએ ૐગુરુનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરેલ અને ધન્યતાનો અનુભવ કરી એમના દિવ્ય આશીર્વાદનો લાભ લીધેલ.














## ॥ ૐ ત્રતા ત્રતા નમઃ ॥ મંત્રએ ચમત્કાર કર્યો

મારું નામ વિશાલ દેસાઇ છે. હું ઉમરગામ રહું છું. પરમ પૂજ્ય ગુરુજીને વિડીયોમાં જ દર્શન કર્યા છે. પરંતુ એમને મારા જીવનમાં એક ચમત્કાર કર્યો એ ચમત્કાર હું કહી રહ્યો છું. મારું લગ્નજીવન તૂટવાની અણી ઉપર હતું. મારી પત્ની બે બાળકોને લઇને પિયર ચાલી ગઇ હતી. વાત ડિવોર્સ સુધી પહોંચી ગઇ હતી, પરંતુ હું ડિવોર્સ લેવા ઇચ્છતો ન હતો. મારી પત્ની કોઇપણ કાળે મારી સાથે રહેવા તૈયાર ન હતી. એની પાછળનું કારણ મારા વ્યસનની કુટેવ હતી. મેં ખૂબ બાંહેધરી એને આપી કે હું ક્યારેય વ્યસન નહીં કરું પણ એ માનવા તૈયાર ન હતી.

એક દિવસ હું ચાની કીટલી પર ચા પી રહ્યો હતો ત્યારે મેં ગુરુજીનો એક વિડીયો દેખ્યો. જેમાં એમણે કહ્યું હતું કે ॥ ૐ ત્રતા ત્રતા નમઃ ॥ નો મંત્ર કરો તમારા જીવનમાં ચમત્કાર થશે. ડુબતા માણસને તણખલાનો સહારો હોય, મેં રોજ આ મંત્રની એક માળા ચાલુ કરી દીધી. મંત્ર ચાલતો હતો તે દરમ્યાન વસ્તુઓની લેવડદેવડ અમારી ચાલી રહી હતી.

એક દિવસ હું મારા સાસરે વસ્તુ આપવા ગયો અને ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યો એ વખતે મારી પત્ની પિંકીના મામા હાજર હતા. ખબર નહીં કઇ રીતે એમના મનમાં ભગવાન વસ્યા અને એમણે મારી પત્નીને કહ્યું કે તું વિશાલકુમારને એક મોકો આપ. એમનો પસ્તાવો જોઇને મને એવું લાગે છે કે ચોક્કસ એ સુધરી જશે. પછી ખબર નહીં જે રીતે સમીકરણો બન્યા કે મારા છૂટાછેડા રોકાઇ ગયા. મારી પત્ની બે મહિના થયા ને ઘરે આવી ગઇ. મેં વ્યસન સંપૂર્ણપણે બંધ કરી દીધું છે. વ્યસન બંધ કરવા મેડીકલ સહાયતા પણ મેં લીધી. આ મંત્રએ મારા જીવનમાં ચમત્કાર કર્યો છે. હું પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદ લેવા સપિરવાર જઇશ. પરમ પૂજ્ય સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના ચરણોમાં મારા સાષ્ટાંગ દંડવત પ્રણામ....

લી. વિશાલ દેસાઇ (ઉમરગામ)

## મંત્રથેરાપી દરબારથી ચમત્કાર થયો

મારું નામ મનોજભાઇ છે. પરમ પૂજ્ય ગુરુજીની પાવન નિશ્રામાં વડોદરામાં ફેબ્રુઆરી-૨૦૨૬માં યોજાયેલ મંત્રથેરાપી દરબારમાં હું જોડાયો હતો. સાચું કહું તો હું મારી પત્નીને મુકવા માટે ગયો હતો પરંતુ હું પણ જોડે બેસી ગયો. છેલ્લા દસ વર્ષથી હું પગના ઢીંચણના દુઃખાવાની દવા લેતો હતો. પંચાવન વર્ષની મારી ઉંમર હોવાના કારણે ઓપરેશન કરાવવું મને યોગ્ય લાગતું ન હતું. હું અને મારી પત્ની મંત્રથેરાપી દરબારમાંથી જ્યારે બહાર નીકળ્યા ત્યારે ગુરુજીએ

આપેલું આશાનું કિરણ અમને આનંદિત કરતું હતું.

ઘરે ગયા પછી એમણે બતાવેલી પ્રક્રિયા અમે નિયમિત કરતા રહ્યા. ૨૦ માર્ચ, ૨૦૨૬ સુધીમાં અમને બંન્નેને ૭૦ ટકાથી ઉપર રાહત થઇ છે. દવાઓ લગભગ બંધ થઇ ગઇ છે. સાવ નિઃશુલ્ક આજના સમયમાં ચમત્કારિક વસ્તુઓ સાથે આવો સેવાયજ્ઞ ચલાવવો એ દાદ માંગી લે એવું કામ છે. મારું માનવું તો એવું છે કે નિઃસ્વાર્થ ભાવનાથી મંત્રથેરાપી દરબાર યોજે છે એના કારણે જ લોકોના જીવનમાં પરિવર્તન આવે છે.પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં મારા કોટી કોટી વંદન....

લી. મનોજભાઇ (વડોદરા)

## પરમ પૂજ્ય ગુરુજીનો મને હંમેશા સાક્ષાત અનુભવ થાય છે

હું જ્યારે કોઇપણ મુશ્કેલીમાં અટકું ત્યારે આંખ બંધ કરી ગુરુજીનું સ્મરણ કરું. પરમ પૂજ્ય ગુરુજી એ ક્ષણે હાજર થઇ જાય અને મારા પ્રશ્નનો માર્ગ મને મળી જાય. હું ટૂરમાં હતો અને રાતના બે વાગે મારો પગ પકડાઇ ગયો. ચેન્નઇની એક લોજ જેવી હોટલમાં હતો. મારો પગ અને હાથ એટલા પકડાઇ ગયા કે ઊભો પણ થઇ શકું એમ ન હતો. શરીરે પરસેવો વળી ગયો. પંદર મિનિટ હું ખૂબ મથ્યો પણ એ પંદર મિનિટ મને પંદર જનમ જેવી લાગી.

મેં આંખ બંધ કરી ગુરુજીનું સ્મરણ કર્યું અને હું બોલ્યો “હું સાચા હૃદયથી તમને ચમત્કારિક માનું છું, મને બચાવો.” પાંચ સેકન્ડમાં ગુરુજી મારી સમક્ષ હતા. એમણે મારા માથા પર હાથ ફેરવ્યો અને મારા શરીરમાં એક કરંટ દોડી ગયો હોય એવો અનુભવ મને થયો. મારો હાથ પગ હલવા લાગ્યા અને એક મિનિટમાં તો હું સાવ નોર્મલ થઇ ગયો.

બીજા દિવસે સવારે ડૉક્ટર પાસે ચેન્નઇમાં ગયો. મારું બ્લડપ્રેશર ખૂબ હાઇ હતું. ડૉક્ટરે મને ત્યાં ને ત્યાં જ દવા આપી અને સુવડાવીને એક બોટલ ચઢાવી. એમણે મને કહ્યું આટલા પ્રેશરમાં તો માણસને લકવા થઇ જાય અથવા તો એટેક આવી જાય. તમે નસીબદાર છો કે બચી ગયા. પરંતુ ડૉક્ટરને કઇ રીતે સમજાવું કે લકવો તો થઇ જ ગયો હતો પણ પરમ પૂજ્ય ગુરુજીના ચમત્કારે મને બચાવ્યો. ગુરુજીના ચરણોમાં શત્ શત્ નમન...

લી. પ્રથમેશ યાજ્ઞિક (અમદાવાદ)

## પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદથી આબાદ બચાવ થયો

હું ટ્રેકીંગ માટે ગયો હતો. અચાનક મને પર્વત ઉપર ચક્કર આવ્યા અને મારો પગ

લપસ્યો. બધા મારી આગળ હતા અને હું છેલ્લે હતો. મારી આગળ ચાલતા મિત્રને હું પડ્યો એનું અચાનક ધ્યાન પડ્યું. પરંતુ એનું ધ્યાન પડ્યું ત્યારે હું નીચે પડીને બેહોશ થઇ ગયો હતો. જે જગ્યાએ હું અટક્યો ત્યાં શિલા હતી, જો શિલા ના હોત તો હું સીધો ખાઇમાં પડ્યો હોત. એ દિવસે મેં સૌથી ઉત્તમ કામ એ કર્યું કે મેં ૐકાર ચાલીસાનો પાઠ કરી અને પછી પર્વત ચઢવાનું શરૂ કર્યું હતું. ૐકાર ચાલીસાથી અમારા ઘરમાં ખૂબ જ ઉત્તમ પરિણામો મળ્યા છે.પ.પૂ. ગુરુજીના ચરણોમાં કોટી કોટી વંદન.....

લી. ધ્યાન (વડોદરા)

## શ્રી ક્ષેત્રપાળવીરના દર્શનથી ચમત્કાર થયો

છેલ્લા બે વર્ષથી એક જમીનના સોદા પાછળ હું પડ્યો હતો. પરંતુ કામ થતું ન હતું. મારી પત્નીના કહેવાથી અમે શ્રી ક્ષેત્રપાળવીરના દર્શન માટે ગયા. મેં અને મારી પત્નીએ જમીનનું કાર્ય બહુ ઝડપથી અને અમારી ફેવરમાં પતે એવો સંકલ્પ કર્યો. અમદાવાદ સુધી પાછા આવતા સુધીમાં મારા મનમાં એક જ વિચાર ચાલતો હતો કે ખરેખર કાર્ય થાય ખરૂં? જે જમીન પાછળ બધું જ કરી ચૂક્યા છે તોય કશું થયું નથી તો દર્શન કરવાથી કામ પતશે ખરૂં? પરંતુ પત્નીએ કીધું અને મેં કર્યું એ રીતે મેં મારું મન મનાવ્યું.

પરંતુ આ દર્શન પછી પરિસ્થિતિ ફેવરમાં આવશે અને કામ પતશે એવી આશા પણ રાખી ન હતી એ રીતે કામ પતવાનું શરૂ થયું. જે ખરીદદાર જોડે અમારે વાત ચાલતી હતી એણે તો જમીન લીધી નહીં પરંતુ એના કઝીન ભાઇએ જમીન લીધી અને અમારું કામ ચમત્કારિક રીતે પતી ગયું. બે વર્ષની મહેનત બાદ દસ વર્ષ હું આગળ આવી ગયો. માથા પરનું બધું જ દેવું ચૂકવાઇ ગયું, પોતાનું ઘર થઇ ગયું ને દીકરાને પણ ભણવા માટે કેનેડા મોકલી શકીએ એવી પરિસ્થિતિમાં અમે આવી ગયા.

હવે મને જ્યારે પણ ઇચ્છા થાય ત્યારે શ્રી ક્ષેત્રપાળવીરના દર્શનાર્થે પહોંચી જઉં છું. મારો આ વિશ્વાસ છે કે જો હું ક્ષેત્રપાળવીરના દર્શન માટે ના ગયો હોત તો મારું કામ ક્યારેય પત્યું ના હોત. આવું કહેવાનું મારું કારણ એ છેકે જેણે જમીન ખરીદી એમણે મને એક દિવસ કીધું કે આ જમીન ખરીદવાનો મારો વિચાર સુદ્ધા નહોતો. આ જમીનના ભાવ ઉંચા આવ્યા છે મારા લીધા પછી પણ હજી હું વિચારું છું કે આ જમીન કેવી રીતે મારાથી લેવાઇ? અને ત્યારે મારો વિશ્વાસ સંપાદ થાય છે શ્રી ક્ષેત્રપાળવીરે એમને જેમીન ખરીદવા માટે પ્રેરણા કરી. શ્રી ક્ષેત્રપાળવીરદાદાના ચરણોમાં કોટી કોટી વંદન.....

લી. રમેશભાઇ (જેતપુર)

★ ★ ★

॥ ૐ નમઃ ॥

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

## પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :

આ મહિના દરમિયાન સફેદ વસ્ત્રમાં ચાર ઘઉં ના દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

## છૂટક વસ્તુના વેપારી માટે :

આ મહિના દરમિયાન સફેદ વસ્ત્રમાં ચાર ઘઉં ના દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

## ઉત્પાદક માટે :

આ મહિના દરમિયાન સફેદ વસ્ત્રમાં ચાર ઘઉં ના દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

## જથ્થાબંધ માલના વેપારી માટે :

હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન કેસરી વસ્ત્રમાં કઠોળ ચણાના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

## નોકરિયાત માટે :

નોકરી કરતા વ્યક્તિઓએ આસમાની વસ્ત્રમાં સીંગના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઇચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

## વિદ્યાર્થી માટે :

વિદ્યાર્થીઓએ લાલ વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફ્તરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

# સદ્ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ | તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|---|---|---|
| ૨૧-૪-૨૦૨૬ | મંગળવાર | ૐ વામિકા | ૦૬-૫-૨૦૨૬ | બુધવાર | ૐ મંગલદેવ |
| ૨૨-૪-૨૦૨૬ | બુધવાર | ૐ તૃશિકા | ૦૭-૫-૨૦૨૬ | ગુરુવાર | ૐ બુધદેવ |
| ૨૩-૪-૨૦૨૬ | ગુરુવાર | ૐ લક્ષ્મીતા | ૦૮-૫-૨૦૨૬ | શુક્રવાર | ૐ ધનસિદ્ધા |
| ૨૪-૪-૨૦૨૬ | શુક્રવાર | ૐ ધનીતા | ૦૯-૫-૨૦૨૬ | શનિવાર | ૐ લક્ષ્મીસિદ્ધા |
| ૨૫-૪-૨૦૨૬ | શનિવાર | ૐ ધનલક્ષ્મીદેવી | ૧૦-૫-૨૦૨૬ | રવિવાર | ૐ રક્ષલક્ષ્મી |
| ૨૬-૪-૨૦૨૬ | રવિવાર | ૐ સૂર્યવિદન્ત્યદેવ | ૧૧-૫-૨૦૨૬ | સોમવાર | ૐ વિતમલક્ષ્મી |
| ૨૭-૪-૨૦૨૬ | સોમવાર | ૐ ક્ષેત્રપાળવીર | ૧૨-૫-૨૦૨૬ | મંગળવાર | ૐ બગલામુખીદેવી |
| ૨૮-૪-૨૦૨૬ | મંગળવાર | ૐ કુબેર | ૧૩-૫-૨૦૨૬ | બુધવાર | ૐ કમલાસિદ્ધાદેવી |
| ૨૯-૪-૨૦૨૬ | બુધવાર | ૐ સૂર્યદેવ | ૧૪-૫-૨૦૨૬ | ગુરુવાર | ૐ શક્તિત્યલક્ષ્મી |
| ૩૦-૪-૨૦૨૬ | ગુરુવાર | ૐ ગુરુદેવ | ૧૫-૫-૨૦૨૬ | શુક્રવાર | ૐ નવાતલક્ષ્મીદેવી |
| ૦૧-૫-૨૦૨૬ | શુક્રવાર | ૐ શનિદેવ | ૧૬-૫-૨૦૨૬ | શનિવાર | ૐ સ્થિરલક્ષ્મીદેવી |
| ૦૨-૫-૨૦૨૬ | શનિવાર | ૐ શુક્રદેવ | ૧૭-૫-૨૦૨૬ | રવિવાર | ૐ કુબેરદેવાય |
| ૦૩-૫-૨૦૨૬ | રવિવાર | ૐ રાહુદેવ | ૧૮-૫-૨૦૨૬ | સોમવાર | ૐ ગજલક્ષ્મીદેવી |
| ૦૪-૫-૨૦૨૬ | સોમવાર | ૐ કેતુદેવ | ૧૯-૫-૨૦૨૬ | મંગળવાર | ૐ શુભલક્ષ્મીદેવી |
| ૦૫-૫-૨૦૨૬ | મંગળવાર | ૐ ચંદ્રદેવ | ૨૦-૫-૨૦૨૬ | બુધવાર | ૐ લાભલક્ષ્મીદેવી |

|| ૐ નમઃ ||

# પૃથ્વીલોકથી મોક્ષલોક અને ઈન્દ્રલોક
## સુધી લઈ જનાર ક્રિયા એટલે

# ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગ

આપની તકલીફો માંથી મુક્ત થવા માટે
આજે જ આ ક્રિયા યોગ માં જોડાઓ



### ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગમાં જોડાનાર સાધકને આપવામાં આવનાર શાસ્ત્રોક્ત સિદ્ધ સાધન

| | | |
|---|---|---|
| (૧) ૐકાર મેરુશક્તિ પૃષ્ઠ | (૨) ૐકાર ત્રિશક્તિ ક્રિયાયોગ ચક્ર | (૩) ૐકાર શુભલક્ષ્મી ક્રિયાયોગ ચક્ર |
| (૪) ૐકાર કુંડલિની ક્રિયાયોગ ચક્ર | (૫) ૐકાર શક્તિ ચક્ર | (૬) ૐકાર ત્રિત્રાંશ ચક્ર |

ઈશ્વરીય શક્તિ અને ઊર્જાથી સિદ્ધ કરવામાં આવેલા ચક્રનો ઉપયોગ આપ સાધકોએ કેવી રીતે કરવો એ ક્રિયાયોગમાં શીખવાડવામાં આવશે.

**સંપર્ક સૂત્રઃ 9537220959, 9429208997**

આજીવિક ધર્મ પુનઃઉત્થારક

# મંત્ર થેરાપી દરબાર ભરૂચ

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

નિઃશુલ્ક પ્રવેશ

નિઃશુલ્ક પ્રવેશ



## જાહેર આમંત્રણ

જગતગુરૂ મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ. પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી

**આર્થિક સમસ્યા | શારીરિક સમસ્યા | માનસિક સમસ્યા**
**સામાજિક સમસ્યા | સંતાનને લગતી સમસ્યા**

મંત્રથેરાપી દરબારમાં જે સમસ્યા માટે આપ આવ્યા છો. તેના સમાધાન
માટે અલગ અલગ મંત્રથી સજ્જ દિવ્ય વસ્તુ આપવામાં આવશે.

**દિવ્ય સિદ્ધ પ્રસાદી ભેટ** | શુભ લક્ષ્મી બ્રેસલેટ, કુબેર લક્ષ્મી પેન્ડન્ટ, દુઃખ મુક્તિ બામ, કુબેર ઊર્જા મલમ, સિદ્ધ રક્ષા સૂત્ર, દુઃખ મુક્તિ પાવડર

**12 એપ્રિલ, 26**
**રવિવાર**

**આત્મિય સંસ્કાર ધામ,**
શ્રી હરિ પેટ્રોલીયમની પાછળ,
જે. પી. કોલેજ રોડ, ભરૂચ

**બપોરે 3 થી 5**
**કલાક સુધી**

વહેલા તે પહેલાના ધોરણે આપનું નામ અને નંબર આપેલ મોબાઈલ નંબર
**ઉપર વોટસઅપ કરવું. સંપર્ક સૂત્રઃ 94292 08997**

|| ૐ નમઃ ||

# જાહેર આમંત્રણ

"દર્શન માત્ર સે મિટે કષ્ટ"

ૐકાર સંપ્રદાયના આર્ષદૃષ્ટા અને સ્થાપક

જગતગુરુ મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮

પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના

**સૂર્યની ઊર્જા અને ચંદ્રની શક્તિ સાથેના સમન્વયમાં**

# સૂર્ય-ચંદ્ર પૂનમ મહાદર્શન



**આજીવિક**
**ધર્મ**
**પુનઃ ઉત્થારક**

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**શુભ તારીખ**
**3 મે, ૨૦૨૬**
**રવિવાર**

**શુભ સ્થળ**
**અન્નપૂર્ણા હોલ,**
**આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ**

**શુભ સમય**
**સવારે 10 થી**
**બપોરે 1 કલાક સુધી**

**સંપર્ક સૂત્રઃ 9429208997**

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

**RNI GUJGUJ/2015/65690**

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**